# મુવમેન્ટ ફોર ડેવલોપમેન્ટ -મોડ



## વાર્ષિક અહેવાલ

## ૨૦૧૮ – ૧૯

# નોંધણીની વિગત

ધ બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટઃ F/16975/Ahmedabad

ઇન્ડિયન સોસાયટીસ રજીસ્ટ્રેશન એક્ટઃ Guj/17372/Ahmedabad

નિતિ આયોગ (ભારત સરકાર): GJ/2016/0098354

# સંપર્કની વિગતઃ

## વડુ મથક


૧૨૧૪, ગણેશ ગ્લોરી,
બી.એસ.એન.એલ. ઓફીસ પાસે,
જગતપુર – ચેનપુર રોડ,
એસ.જી. હાઈ વે, અમદાવાદ
ગુજરાત - ૩૮૨ ૪૮૧

ફોનઃ (+91) 79 48994588
ઇ-મેઇલઃ info@modeindia.co.in
વેબસાઇટઃ www.modeindia.co.in

# કારોબારી મંડળ

| ક્રમ | સભ્યનું નામ | સરનામું | હોદો | નોકરી/વ્યવસાય | શૈક્ષણિક લાયકાત |
|---|---|---|---|---|---|
| 1 | સુશ્રી સરસ્વતિબેન ભુટક | અમદાવાદ | પ્રમુખ | ઉપદેશક, સા. કાર્યકર, ભુતપૂર્વ શિક્ષક | પ્રી.પીટીસી |
| 2 | શ્રી ભાવેશભાઇ જોષી | અમદાવાદ | ઉપપ્રમુખ | નોકરી | એમ.એસ.ડબલ્યુ |
| 3 | શ્રી હરેશભાઇ સંધાણી | સુરત | મંત્રી | વ્યવસાય | એમ.એસ.ડબલ્યુ |
| 4 | શ્રી રમેશભાઇ શીલુ | સાળંગપુર, જી.બોટાદ | સહમંત્રી | સા.કાર્યકર | એમ. કોમ |
| 5 | સુશ્રી તૃષા મહેતા | અંબાજી, જી. બનાસકાંઠા | ખજાનચી | નોકરી | સ્નાતક |
| 6 | ડૉ. જયંતીભાઇ તેરૈયા | સાવરકુંડલા, જી. અમરેલી | ટ્રસ્ટી | નિવૃત પ્રિન્સિપલ, યોગાચાર્ય | પી.એચ.ડી. |
| 7 | શ્રી જિજ્ઞેશભાઇ રાબડીયા | રાજકોટ | ટ્રસ્ટી | વ્યવસાય | એમ.એ. (સમાજશાસ્ત્ર) |
| 8 | ડૉ. આયુધભાઇ જોષી | અમદાવાદ | ટ્રસ્ટી | નોકરી | એમ.બી.બી.એસ. |
| 9 | સુશ્રી ઇલાબેન ચૌહાણ | મોરબી, હાલ ગાંધીનગર | ટ્રસ્ટી | નોકરી | એમ.એસ.ડબલ્યુ |
| 10 | શ્રી મનોજકુમાર સિંધ | અમદાવાદ | ટ્રસ્ટી | નોકરી | અનુસ્નાતક |
| 11 | સુશ્રી રીટાબેન દવે | સુરત | ટ્રસ્ટી | સા.કાર્યકર | સ્નાતક |

# સલાહકારસમિતિ

| 1 | શ્રી પી. કે. લહેરી, IAS | અમદાવાદ | સભ્ય | ભુતપૂર્વ ચીફ સેક્રેટરી, ગુજરાત રાજ્ય | આઇ.એ.એસ. |
|---|---|---|---|---|---|
| 2 | જસ્ટિસ એસ.એમ. સોની | અમદાવાદ | સભ્ય | ભુતપૂર્વ લોકાયુક્ત અને જજશ્રી ગુજરાત હાઇકોર્ટ, | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 3 | સુશ્રી વિણા પડીયા | અમદાવાદ | સભ્ય | સા. કાર્યકર, ભુતપૂર્વ ડાયરેક્ટર કેર ઇન્ડિયા, ગુજરાત | અનુસ્નાતક |
| 4 | ડૉ. અરવિંદ સિન્હા | અમદાવાદ | સભ્ય | ભુતપૂર્વ એ.ડાયરેક્ટર અને પ્રોફેસર, માઇકા | પી.એચ.ડી. |
| 5 | શ્રી ગીજુભાઇ ભરાડ | રાજકોટ | સભ્ય | શિક્ષણવિદ | એમ.સી.એ. |
| 6 | સુશ્રી ગીતાબેન ચિત્રોડા | અમદાવાદ | સભ્ય | નોકરી (એચ.આઇ.વી. સાથે જિવતા લોકોનું પ્રતિનિધિત્વ) | 12 પાસ |
| 7 | કુ. સોમ્યાગુપ્તા | મુંબઇ | સભ્ય | નોકરી (હિજડા સમુદાયનું પ્રતિનિધિત્વ) | સ્નાતક |
| 8 | શ્રી એલ.વી જોશી | જૂનાગઢ | સભ્ય | નોકરી (રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા શિક્ષક) | એમ. એ. સંસ્કૃત |
| 9 | સાંદુલ યશોબંત | હાલ જર્મની | સભ્ય | હેલ્થ રિસર્ચર | પી.એચ.ડી. |

# કર્મચારી મંડળ

સ્ટેટ ઓફિસ અમદાવાદ: કુલ ૭

ફિલ્ડઓફિસ, વિહાન- અમદાવાદ: કુલ ૧૧

ફિલ્ડઓફિસ, વિહાન- જામનગર: કુલ ૦૭

ફિલ્ડઓફિસ, લીંક વર્કર સ્કીમ - વડોદરા: કુલ ૨૪

ફિલ્ડઓફિસ, શીશુકેન્દ્ર- વાંકાનેર: કુલ ૦૨

ફિલ્ડઓફિસ, શીશુકેન્દ્ર- જામનગર: કુલ ૦૨

# અનુક્રમણિકા


[પ્રમુખ સ્થાનેથી....... 6](#)

[આભાર દર્શનઃ 7](#)

[સંસ્થાકીય પરિચય 8](#)

સંસ્થાનું વિઝનઃ 9

સંસ્થાનું મિશનઃ 9

સંસ્થાના હેતુઃ 9

સંસ્થાની નિપૂણતાના કાર્યક્ષેત્રો 9

મુખ્ય સંસ્થાકીય સામર્થ્યઃ 10

[વર્ષ ૨૦૧૭-૧૮ દરમિયાન હાથ ધરવામાં આવેલ મહત્વના પ્રોજક્ટ્સ 11](#)

૧. પ્રોજેક્ટ વિહાન 12

૨. ગ્રીન હાઈ વે ઇનીશીએટીવ 14

૩. લીંક વર્કર સ્કીમ ERROR! BOOKMARK NOT DEFINED.

૪. શિશુકેન્દ્ર

૫. ક્ષમતા વર્ધન 16

6. ટેકનોલોજી અને સોશિયલ મિડીયા દ્વારા સામાજિક બદલાવને પ્રેરણા 23

[ભાવિ આયોજન ERROR! BOOKMARK NOT DEFINED.](#)

[નાણાકીય અહેવાલ – ઓડિટ રિપોર્ટ ERROR! BOOKMARK NOT DEFINED.](#)

## પ્રમુખ સ્થાનેથી.......

આ વર્ષે સંસ્થા દ્વારા સમુદાયિક વિકાસના કાર્યોને જોઇએ તો એક આત્મસંતોષની લાગણી થાય છે. મુખ્યત્વે જે કાર્યો એચ.આઇ.વી. સાથે જીવતા લોકો અને કામદાર / મજૂર / વંચિત પરિવારના બાળકો સાથે થયા તે પ્રશંસનીય છે.

એક સામાજિક સંસ્થા ત્યારે જ સાચા અર્થમાં સંસ્થા કહેવાય જ્યારે તે સમુદાય તરફ અભિમુખ હોય. મને આશા છે કે મૉડ પણ નવા – નવા મૉડ સાથે વધુને વધુ સામાજિક વિકાશના કાર્યો કરતી રહેશે.

અસ્તુ...

## આભાર દર્શનઃ

હું પ્રમુખ તરીકે એ તમામનો આભાર માનું છું કે જેઓએ સંસ્થાના વિકાસ માટે પોતાનો અમુલ્ય સમય અને યોગદાન આપ્યું.

મને મારી ટીમ ઉપર ગર્વ છે અને તેનો આભાર જેટલો માનું એટલો ઓછો છે.

હંમેશા પ્રેરક અને માર્ગદર્શક રહ્યાં હોય એવા ઇશ્વરીયતત્વનો આભાર ન હોય... પ્રાર્થના અને વંદન હોય....

વિશ્વ કલ્યાણ માટે પ્રાર્થના...

# સંસ્થાકીય પરિચય

મોડ- મુવમેન્ટ ફોર ડેવલોપમેન્ટ એક બિનસાંપ્રદાયિક, સ્વૈચ્છિક સંસ્થા છે કે જે સમાજના વિવિધ અંગો સાથે કાર્ય કરીને સમુદાયની વિવિધ જરૂરિયાતો પૂર્ણ કરવા માટે પ્રતિબદ્ધ છે. એન.જી.ઓ. તરીકે મોડનો હેતુ નફો કરવાને બદલે પોતાના સંશાધનો અને આવડતોનો ઉપયોગ કરીને તેમજ સામાજિક સ્તરે ઉપલબદ્ધ સંશાધનોનો આયોજનબદ્ધ રીતે ઉપયોગ કરી સમાજ ઉપયોગી કાર્ય કરે છે. સ્વૈચ્છિક સંસ્થા તરીકે પોતાના વ્યાપક લક્ષ્યાંકો હાંસલ કરવા આડે ઘણા જ પડકાર હોવા છતાં સંસ્થા પોતાની યુવા અને ઉર્જાવાન સામાજિક પ્રોત્સાહકોની ટીમની મદદ મેળવીને તેમજ નવીનત્તમ દરમિયાનગીરીઓ લાગુ કરીને પોતાના લક્ષ્યાંક તરફ ઝડપથી આગળ વધી રહી છે.

સંસ્થાની ટીમ ડેવલોપમેન્ટ ક્ષેત્ર સાથે ૨૦ કરતાં પણ વધુ વર્ષોથી જોડાયેલા છે અને યુનિસેફ, કેર ઇન્ડિયા, કાસ્પ, ડી.કે.ટી. ઇન્ડિયા, જી.એસ.એન.પી.+ જેવી નાંમાંકિત સંસ્થાઓ તથા ગુજરાત સ્ટેટ એઇડ્સ કંટ્રોલ સોસાયટી, મહિલા અને બાળ કલ્યાણ વિભાગ, જેવા સરકારી વિભાગો સાથે કામ કરવાનો વ્યાપક અનુભવ ધરાવે છે તેમના દ્વારા સમાજની ચોક્કસ સમસ્યાઓને વ્યૂહાત્મક રીતે હલ કરવાના હેતુથી મોડની સ્થાપના કરવામાં આવી હતી. ધ બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટ ૧૯૫૦ હેઠળ તથા ઇન્ડિયન સોસાયટીસ રજીસ્ટ્રેશન એક્ટ ૧૮૬૦ હેઠળ સંસ્થાની કાયાદેસર નોંધણી કરવામાં આવેલ છે.

સંસ્થા 12AA તથા 80 G સર્ટિફિકેટ ધરાવે છે. આ ઉપરાંત એફ.સી.આર.એ. સર્ટિફિકેટ માટે પ્રયત્નો ચાલુ છે.

## સંસ્થાનું વિઝનઃ

તમામ મનુષ્ય પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવાના, વિકાસ અને સહભાગીદારીના અધિકાર મેળવી શકે તે હેતુ અમે હકારાત્મક સામાજિક બદલાવ લાવવા માટે મજબુત પ્રેરક બળ બનવા તેમજ આવા બદલાવ ટકાવી રાખવા અમે એક વિશ્વાસુ ભાગીદારની સ્થિતિ હાંસલ કરવા ઇચ્છિએ છીએ. અમે સામુદાયિક વિકાસના ક્ષેત્રમાં સમગ્ર વિશ્વમાં અમારી છાપ છોડવાનું સપનું સેવીએ છીએ.

## સંસ્થાનું મિશનઃ

સામાજિક વૈવિધ્યતા અને સ્વમાનના વાહક તરીકે ક્ષમતાવર્ધન સંશાધનોને પ્રોત્સાહન આપીને સમાન ભાગીદારીની પ્રેરક સંસ્થા અમે બનવા ઇચ્છિએ છીએ.

## સંસ્થાના હેતુઃ

પોતાની વૈવિધ્યતા અને સ્વમાનને ટકાવી રાખીને સમુદાયના લોકો તેમના સામર્થ્ય મુજબ સંપૂર્ણપણે વિકાસ કરી શકે તે દિશામાં કાર્યરત હોવું

## સંસ્થાની નિપૂણતાના કાર્યક્ષેત્રો

- બાળ વિકાસ
- ભરણપોષણ અને ગરીબી નાબૂદી
- શિક્ષણ અને સામાજિક સંશોધન

- સામાજિક વિકાસ અને નીતિ ઘડતર
- પ્રત્યાયન અને ક્ષમતા વર્ધન
- કુદરતી સંશાધનોનું વ્યવસ્થાપન
- શહેરી આયોજન અને વાહનવ્યવહાર
- સંચાલન
- કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી વગેરે

## મુખ્ય સંસ્થાકીય સામર્થ્યઃ

- બાળકોના સમગ્રલક્ષી વિકાસ માટેની દરમ્યાનગીરી
- પ્રત્યાયનઃ આંતરવૈયક્તિક, વર્તન પરિવર્તન, જૂથ અને વ્યાપક
- પ્રત્યાયનને લગતી સામગ્રી અને તાલીમ મૉડ્યુલ તૈયાર કરવા
- IMNCI, RI અને IYCF સહિત પોષણ અને આરોગ્ય
- શિશુ અવસ્થાની સંભાળ, શિક્ષણ અને જીવન કૌશલ્યો
- બાળકેન્દ્રિત શિક્ષણ
- સંશોધન અને ક્ષમતા આંકલન
- આયોજન, દેખરેખ અને સહાયક સુપરવિઝન
- આપદા વ્યવસ્થાપન
- પ્રાથમિક ઉપચાર અને હોસ્પિટલ મેનેજમેન્ટ
- સોશિયલ માર્કેટિંગ
- સામાજિક સમાવેશ અને સામુદાયિક સક્ષમીકરણ

## સંસ્થાના ભાગીદારો:

- યુનિસેફ - ગાંધીનગર, ગુજરાત
- યુનિસેફ - જયપુર, રાજસ્થાન
- લેબર વેલ્ફેર બોર્ડ – ગુજરાત રાજ્ય
- જી.આર.સી. (મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગાંધીનગર)
- જિલ્લા પંચાયત, સાબરકાંઠા
- જિલ્લા પંચાયત, બનાસકાંઠા
- જિલ્લા પંચાયત, વલસાડ
- **જિલ્લા પંચાયત, નર્મદા**
- જિલ્લા પંચાયત, ડાંગ
- ગુજરાત સ્ટેટ નેટવર્ક ઓફ પીપલ લિવિંગ વિથ એચ.આઇ.વી. એઇડ્સ(જી.એસ.એન.પી.+)
- રાજહંસ ગૃપ, સુરત
- આર.કે.સી. ઇન્ફ્રાબિલ્ટ પ્રા.લિ.
- અરવિંદ મિલ્સ પ્રાઇવેટ લિ.
- થર્મોફિશર સાયન્ટિફિક, અમદાવાદ
- ન્યુ કન્સેપ્ટ પ્રા.લિ., ન્યુ દિલ્હિ
- ઇ.એચ.આઇ. ઇન્ટરનેશનલ, ન્યુ દિલ્હિ
- ચેતના, અમદાવાદ
- આશરા સંસ્થાન
- આશાદિપ ફાઉન્ડેશન
- ઇનરેકા સંસ્થાન
- ઉત્થાનસંસ્થાન
- રમણ કન્સલ્ટંસી વગેરે

# વર્ષ ૨૦૧૭-૧૮ દરમિયાન હાથ ધરવામાં આવેલ મહત્વના પ્રોજક્ટ્સ

## ૧. પ્રોજેક્ટ વિહાન

**"વિહાન"**એ સંસ્કૃત ભાષાનો શબ્દ છે, જેનો અર્થ થાય છે **ઉગતા સૂર્યનું પ્રથમ કિરણ**. એચ.આઈ.વી.ના સંક્રમણ સાથે જીવતા ભાઈ - બહેનોને વિવિધ સેવાઓ થકી, વ્યક્તિગત દેખરેખ અને સારસંભાળ વડેસમુદાયના લોકોમાં ઉજાસ પાથરવા માટે સૂર્યના પ્રથમ કિરણ સમાન કાર્યક્રમ એટલે "વિહાન કાર્યક્રમ".

"વિહાન" કાર્યક્રમનું અમલીકરણ ભારતમાં 2013થી કરવામાં આવ્યું. ભારતના તમામ રાજ્યોને આ કાર્યક્રમ હેઠળ આવરી લેવામાં આવ્યા છે. રાષ્ટ્રીય કક્ષાએ એચ.આઈ.વી./એઇડ્સ એલાયંસ તથા નેશનલ એઇડ્સ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન (NACO) દ્વારા આ કાર્યક્રમ અમલિત છે. ગુજરાત રાજ્યમાં આ કાર્યક્રમ ગુજરાત સ્ટેટ એઇડ્સ કંટ્રોલ સોસાયટી (GSACS) તથા ગુજરાત સ્ટેટ નેટવર્ક ઓફ પીપલ લીવીંગ વિથ એચ.આઈ.વી./એઇડ્સ(GSNP+) દ્વારા અમલિત કરવામાં આવે છે. જીલ્લા કક્ષાએ આ કાર્યક્રમનું સંચાલન વિવિધ સ્વયંસેવી સંસ્થાઓ અથવા જીલ્લામાંસ્થિતDLN (ડિસ્ટ્રિક્ટ લેવલ નેટવર્ક) દ્વારા કરવામાં આવે છે.

આ કાર્યક્રમ અંતર્ગત જીલ્લાની સરકારી હોસ્પીટલ પર કાર્યરત એ.આર.ટી.સી. પરથી દવા લેતા તમામ લોકોનુંવિહાન કાર્યક્રમ સાથે જોડાણ કરવામાં આવે છે. તથા કેર એન્ડ સપોર્ટ સેન્ટર પર કાર્યક્રમ અંતર્ગતની સેવાઓ પુરી પાડવામાં આવે છે.દરેક વ્યક્તિનું સન્માન તથા ગોપનીયતા જળવાઈ રહે તે બાબતની

સંપૂર્ણ તકેદારીરાખી એચ.આઈ.વી સાથે જીવતા લોકો માટે સાનુકુળ વાતાવરણપૂરું પાડવામાં આવે છે. સપોર્ટ ગ્રુપ મીટીંગ તથા વ્યક્તિગત સમ્પરામર્શ દ્વારા

હકારાત્મક જીવનશૈલી, કુટુંબ આયોજન, એ.આર.વી. દવાઓની નિયમિતતાનું મહત્વ, ઘરગથ્થુંસંભાળ, ગોપનીયતા, તકવાદી ચેપથી બચાવ વગેરે મુદાઓ પર વિગતવાર માહિતી આપી દરેક વ્યક્તિઓના જીવનને ગુણવત્તાસભર બનાવવાના પ્રયત્નો કરવામાં આવે છે.

કાર્યક્રમ અંતર્ગતની મુખ્ય સેવાઓ આ મુજબ છે.

૧.સમ્પરામર્શ સેવાઓ
૨. એલ.એફ.યુ. / મીસ ટ્રેકબેક
૩. સપોર્ટ ગ્રુપ મીટીંગ
૪. સોશિયલ એન્ટાઈટલમેન્ટ / સોશિયલ વેલ્ફેર સ્કીમ સાથે જોડાણ
૫. એચ.આઈ.વી.ને કારણે થતા ભેદભાવ સામે લડત

## ૧. ૧. વિહાન પ્રોજેક્ટ – જામનગર

સંસ્થા દ્વારા જામનગર જીલ્લા ખાતે વિહાન પ્રોજેક્ટનું સંચાલન જુલાઈ – 2016 (2 વર્ષ 6 માસ)થી કરવામાં આવી રહ્યું છે. જે અંતર્ગત કુલ 1952વ્યક્તિઓ “વિહાન” કાર્યક્રમ હેઠળ નોંધાયેલ છે તથા કાર્યક્રમની વિવિધ સેવાઓનો લાભ મેળવી રહ્યા છે. જેમાંના 687 વ્યક્તિઓની નોંધણી સંસ્થા દ્વારા અમલીકરણ થયેથી કરવામાં આવી છે. સમ્પરામર્શના 1969 સેશન વડે વિવિધ મુદ્દાઓ પર માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું છે. અધવચ્ચેથી દવા છોડી ચુકેલા કુલ 597 લોકોને ફરીથી એ.આર.ટી. સેન્ટર પર પરત લાવીને તેઓની દવા ફરીથી શરુ કરાવવામાં આવી છે. કાર્યક્રમ અંતર્ગત નોંધાયેલ વ્યક્તિઓ પૈકીના 2343

વ્યક્તિઓને સોશિયલ એન્ટાઈટલમેન્ટ તથા સરકારશ્રીની વિવિધ યોજનાઓ સાથે જોડાણ કરવામાં મદદ કરવામાં આવી છે.

## ૧. ૨. વિહાન પ્રોજેક્ટ – ગાંધીનગર

સંસ્થા દ્વારા ગાંધીનગર જીલ્લા ખાતે વિહાન પ્રોજેક્ટનું સંચાલન જુલાઈ – 2016થી ડીસેમ્બર – 2017 (1 વર્ષ 6 માસ) દરમ્યાન કરવામાં આવ્યું.કાર્યક્રમના અંત સુધીમાં કુલ1012વ્યક્તિઓ "વિહાન" કાર્યક્રમ હેઠળ નોંધાયેલ હતા. સમ્પરામર્શના 2668 સેશન વડે વિવિધ મુદ્દાઓ પર માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું છે. અધવચ્ચેથી દવા છોડી ચુકેલા કુલ 1626 લોકોને ફરીથી એ.આર.ટી. સેન્ટર પર પરત લાવીને તેઓની દવા ફરીથી શરૂ કરાવવામાં આવી હતી.. કાર્યક્રમ અંતર્ગત નોંધાયેલ વ્યક્તિઓ પૈકીના 1200 વ્યક્તિઓને સોશિયલ એન્ટાઈટલમેન્ટ તથા સરકારશ્રીની વિવિધ યોજનાઓ સાથે જોડાણ કરવામાં મદદ કરવામાં આવી છે.

## ૨. શીશુકેન્દ્ર

ગુજરાત લેબર વેલ્ફેર બોર્ડ દ્વારા શિશુ વિહાર અને ગણવેશ યોજના અંતર્ગત ગુજરાત રાજ્યના વિવિધ જીલ્લા તથા તાલુકા કક્ષાએ શિશુ વિહાર કેન્દ્રો ચલાવવામાં આવે છે.

આ યોજનાના મુખ્ય હેતુઓ આ મુજબ છે :

- જ્યારે શ્રમયોગી પતિ/પત્ની રોજગારી અર્થે જાય ત્યારે તેઓના બાળકોની સાર/સંભાળ તથા તેઓને ગમ્મત સાથે જ્ઞાન , પૌષ્ટિક આહાર મળી રહે તથા બાળકોનો સર્વાંગી વિકાસ થાય.
- મોન્ટેસરી પદ્ધતિથી પૂર્વ પ્રાથમિક શિક્ષણ

- શ્રમયોગીઓના3 થી6 વર્ષના બાળકોને પ્રવેશ.
- શિશુવિહારમાં પ્રવેશ મેળવનાર બાળકોને દર વર્ષે બે જોડી વિના મુલ્યે ગણવેશ, સ્લેટ, પેનસહિતનીઅભ્યાસ કીટ.
- બાળકોકુપોષણ મુક્ત થાય તે માટે દર માસે બાળક દીઠ એક. કી.ગ્રા. આયોડીન યુક્ત મીઠું આપવામાં આવે છે.
- શ્રમયોગી કેન્દ્રો ખાતે ચાલતા શિશુ વિહારમાં અભ્યાસ કરતા બાળકોને રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ વિના મુલ્યે નામાંકિત શાળાઓમાં પ્રવેશ માટે પ્રયત્ન.

## ૨.૧શીશુકેન્દ્ર – વાંકાનેર

મોરબી જીલ્લાના વાંકાનેર તાલુકા ખાતેના શીશુકેન્દ્રનું સંચાલન જુલાઈ – 2017 (1 વર્ષ 6માસ) થી કરવામાં આવ્યું છે. શિશુકેન્દ્રના વર્ગખંડ માટે સરકારશ્રીના વાંકાનેર ખાતેના શ્રમયોગી કલ્યાણકેન્દ્રપર જગ્યા ફાળવવામાં આવી છે.

લેબર વેલ્ફેર બોર્ડની અમદાવાદ ખાતેની વડી કચેરીનાં આદેશ અનુસાર શિશુ વિહાર કેન્દ્ર પર આવતા બાળકોના શારીરિક તથા માનસિકવિકાસ થાય તે મુજબ મોન્ટેસરી પધ્ધતિથી પૂર્વ પ્રાથમિક શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. ઉપરાંત કુપોષણ દુર કરવાના હેતુસર દરેક બાળકને સરકારશ્રીની



સંકલિત બાળ વિકાસ સેવા યોજનાની માર્ગદર્શિકા અનુસાર નિયત મેનુ, વજનઅને ગુણવતા મુજબનો નાસ્તો આપવામાં આવે છે.

ઉપરાંત શિશુ વિહાર કેન્દ્ર સંચાલિકા તથા સહાયિકા બહેનો દ્વારા શહેરના દાતશ્રીઓને બાળકો માટે નિયત નાસ્તા ઉપરાંતનો પૌષ્ટિક નાસ્તો આપવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. દાતાશ્રીઓ દ્વારા વખતો વખત ફળો, સુખડી, શીરો, બુંદીના લાડવા વગેરે નાસ્તો આપવામાં આવે છે.

શીશુકેન્દ્ર પર જન્માષ્ટમી તથા ઉત્તરાયણ વગેરે તહેવારોની ઉજવણીકરવામાં આવી. જે અંતર્ગત દાતાશ્રીઓ દ્વારા નાસ્તો તથા પતંગ – દોરીનું દાન મેળવવામાં આવ્યું હતું.

પ્રથમ શૈક્ષણિક સત્ર એપ્રિલ – 18ના રોજ પૂર્ણ કરવામાં આવ્યું. નવા શૈક્ષણિક સત્ર 2018– 19ના આરંભે પ્રાથમિક શાળામાં પ્રવેશ મેળવવા પાત્ર ૩બાળકો પૈકીના 1 બાળકને સરકારશ્રીના રાઈટ ટુ એજ્યુકેશનનિયમ અંતર્ગત ખાનગી શાળામાં પ્રવેશ અપાવવામાં આવ્યો હતો.

માસ ડીસેમ્બર – 2018 અંતિત કુલ 32 બાળકો શીશુકેન્દ્ર અંતર્ગત નોંધણી પામેલ છે તથા કેન્દ્રની સેવાઓનો લાભ લઇ રહ્યા છે. જેમાના 5 બાળકો આવતા શૈક્ષણિક વર્ષે ધોરણ 1 માં પ્રવેશ મેળવવા પાત્ર છેજેની ભરતી પ્રક્રિયા આગામી વર્ષના ફેબ્રુઆરી માસમાં હાથ ધરાશે.

## ૩. ગ્રીન હાઈવે ઈનીશીએટીવ

આર.કે.સી. ઇન્ફ્રાબિલ્ટ પ્રા.લિ. રોડ નિર્માણ ક્ષેત્રે નામાંકિત કંપની છે. કંપની દ્વારા મહેસાણા થી હિંમતનગર વચ્ચેના 60 કી.મી. અંતરના હાઈવેને 2 લેનમાંથી ૪ લેનમાં પરિવર્તિત કરવાનું કાર્ય હાથ ધરવામાં આવ્યું.

હાઈવેના નવ નિર્માણથી વાહન વ્યવહારનું ભારણ વધવા સાથે ભવિષ્યની સંભવિત પરિસ્થિતિને ધ્યાને રાખીઆ 60 કી.મી. અંતરના હાઈવેના 18 ગ્રામ્ય વિસ્તારોમાં નીચેના મુદ્દાઓ પર જનજાગૃતિ લાવવાનું કામ સંસ્થા દ્વારા નવેમ્બર – 17 થી જુલાઈ – 18 (11 માસ) દરમ્યાન કરવામાં આવ્યું. જનજાગૃતિના મુખ્ય મુદ્દાઓ આ મુજબ હતા.

1. ઘન કચરાનો નિકાલ તથા વ્યવસ્થાપન.
2. સલામત કેટલ ક્રોસિંગ
3. રીન્યુએબલ એનર્જી
4. ટ્રી પ્લાન્ટેશન

કાર્યક્રમ અંતર્ગત આવરી લેવામાં આવેલ તમામ ગામમાં ઉપરોક્ત જણાવેલ ચાર મુદ્દાઓને લઈને વ્યક્તિગત મુલાકાત વડે અંદાજીત 1200 થી વધારે, 376 જૂથ મુલાકાત વડે અંદાજીત 1800 થી વધારે લોકોનો સંપર્ક કરવામાં આવ્યો હતો.

તમામ 18 ગામના મળીને 40000 થીવધારેપશુઓ છે તથા અંદાજીત 10000 કુટુંબો પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલ છે જેમાના 300 થી વધારે પશુપાલકો પશુઓને હાઈવે ઓળંગી ને સીમમાં ચરાવવા માટે લઇ જાય છે. આ તબક્કે દરેક પશુ પાલકોને કાર્યક્રમ અંતર્ગત આવરી લઇ પશુઓ તથા પશુપાલકો સાથે સાથે હાઈવે પરના વાહનચાલકોનું જીવન જોખમાય નહિ તે રીતે પશુઓને હાઈવે પર ચલાવવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.



સલામતીના હેતુથી પશુપાલકોની સાથે મુલાકાત

કરી 100 જેટલા પશુઓના શીંગડા પર હાઈરીફ્લેકટેડ રેડીયમ પટ્ટી લગાવવામાં આવી હતી.

ફક્ત પાણી પીવાના આશયથી વધારે ક્રોસિંગ થતું હોય તેવા ગામોમાં પશુઓને પાણી પીવડાવવા માટેની જગ્યા બદલવા માટે સરપંચશ્રીઓ સાથે હિમાયત કરવામાં આવી હતી. જેમાંના કામલપુર, ડાભલા, ઉદલપુર, વસઈ અને પીલવાઇ ગામોમાં પશુઓને પાણી પીવા માટે હવેળો બનાવવા માટે ગ્રામપંચાયતની જમીન ફાળવણી કરવામાં આવી હતી.

પશુઓને ગામ માંથી નીકળીને ક્રોસિંગની જગ્યા સુધી હાઈવે પર નાં ચાલવું પડે તેમાટે હિમાયત કરતા ડાભલા તથા ઉદલપુરમાં સરપંચશ્રી દ્વારા હાઈવે ની બાજુની જમીન પશુઓને ચલાવનો રસ્તો બનાવવા માટે સૂચિત કરવામાં આવી હતી.

25 FGD દ્વારા ગ્રામજનોને ગામના કચરાના પ્રશ્નો તથા તેના નિરાકરણ માટે સજાગ કરવામાં આવ્યા હતા.ઉપરાંત હાઈવે પરના હોટેલ માલિકોને વ્યક્તિગત મુલાકાત વડે કચરા પેટીનો ઉપયોગ કરવા માટે તથા સુકો અને ભીનો કચરો અલગ રાખવા માટે જાણકારી આપવામાં આવી હતી. વિજાપુર થી હિંમતનગર વચ્ચેના દરેક ઔદ્યોગિક એકમની મુલાકાત લઇ ઘનકચરા અંગેની વિગતો એકઠી કરવામાં આવી હતી તથા તેના આધારે ઔદ્યોગિક કચરાના નિકાલ માટેની વ્યવસ્થા ઉભી કરવા અંગે યોગ્ય દિશાનિર્દેશ કરવામાં આવ્યો હતો.



દરેક ગામમાં શાળામાં ભણતા બાળકો સાથે વાર્તાલાપ કરી બાળકોને સ્વચ્છતાના મહત્વ વિષે, સલામત રીતે રસ્તો ઓળંગવા વિષે તથા વૃક્ષારોપણ વિષે માહિતી આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

આ ઉપરાંત રોડ નિર્માણના કાર્યમાં જોડાયેલ દેશના વિવિધ પ્રાંતમાંથી આવતા શ્રમિકોની આરોગ્ય તપાસ માટે હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સામન્ય રોગોના નિદાન માટે 101 શ્રમિકોનું હેલ્થ ચેક અપ કરવામાં આવ્યું હતું. સાથે સાથે એચ.આઈ.વી.ના મુદ્દા પર જાગૃતિ લાવવા માટે વિડીયો શો, પોસ્ટર પ્રદર્શન વગેરે પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું તથા શ્રમિકોને પોતાની એચ.આઈ.વી.ની પરિસ્થિતિ જાણવા માટે એચ.આઈ.વી.ટેસ્ટીંગ કરાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. જેનાથી પ્રેરાઈને 146 શ્રમિકોએ એચ.આઈ.વી.ટેસ્ટીંગ કરાવેલ હતું. આ માટે સંસ્થાએ સરકારી આરોગ્ય ખાતા સાથે સંલગ્ન રહી એચ.આઈ.વી.ટેસ્ટીંગ માટેની વ્યવસ્થા ઉભી કરી હતી, જેમાં સરકારશ્રીના નિયમ મુજબની માર્ગદર્શિકાનું પાલન કરતા ટેસ્ટીંગ કરાવતા દરેક વ્યક્તિની ગોપનીયાતાનું સંપૂર્ણપણે ધ્યાન રખાયું હતું. તથા સંસ્થાની આરોગ્ય વિભાગ સાથેની હિમાયત દ્વારા એચ.આઈ.વી.ટેસ્ટીંગ કરાવતા દરેક વ્યક્તીને બ્લડ ગ્રુપ તથા ડાયાબીટીશની તપાસ વિના મુલ્યે ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.

### 4. સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ)– રાજસ્થાન (ટેકનીકલ સપોર્ટ યુનિટ)

સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) ભારત સરકાર દ્વારા દેશભરમાં અમલિત છે. સરકારશ્રી દ્વારા આ અભિયાન સકારાત્મક અભિગમથી લાગુ કરવા માટે, તથા શૌચાલયનો સતત અને સાચો ઉપયોગ થાય તે હેતુથી દરેક કક્ષા પર અથાગ પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે.

સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) અંતર્ગત જીલ્લા પ્રશાશનને તકનીકી માર્ગદર્શન આપવાના તથા સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) અંતર્ગત જીલ્લાનાદરેક કક્ષાના કર્મચારીઓને પ્રશિક્ષણ અને પ્રોત્સાહન આપવાના હેતુથી યુનિસેફ– રાજસ્થાનના સહયોગથી સંસ્થાની ટેકનીકલ સપોર્ટ યુનિટ તરીકે નિયુક્તિ કરવામાં આવી.

આ અંતર્ગત રાજસ્થાન રાજ્યના 4 જીલ્લાઓ સિરોહી, ડુંગરપુર, પ્રતાપગઢ,બાંસવાડાના આંતરીયાળ ગામોમાં ફિલ્ડ વર્કરો સાથે રહીને તેઓને તકનીકી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું. આ ઉપરાંત જીલ્લા કક્ષાએ સ્વછાગ્રહીઓ, ફિલ્ડ કો ઓર્ડીનેટર વગેરે સ્ટાફની તાલીમો યોજવામાં આવી ઉપરાંત ગામના પંચાયતી રાજના સભ્યો, તાલુકા વિકાસ અધિકારીશ્રી સાથે હિમાયત હાથ ધરી સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ)ને સફળ બનાવવા માટે પ્રયત્નો કરવામાં આવ્યા.

## ૫. પ્રોજેક્ટ વસ્ત્રમ

**‘વસ્ત્ર’ એ ફક્ત વસ્તુ નથી, પણ તેનાથી અનેક ગણું વિશેષ છે. વસ્ત્ર એ માનવીની ગરીમાનું રક્ષક છે, વસ્ત્ર એ સ્વસ્થતા અને સ્વાસ્થ્ય બન્ને સાથે જોડાયેલ બાબત છે, તથા એક પરિધાનની સાથે સાથે સંવિધાનમાં સમાવિષ્ઠ માનવિય અધિકાર પણ છે…**

રોટી, કપડા અને મકાન – એ માનવમાત્રની પ્રાથમિક જરૂરીયાત છે, જેમાનો અમારો સંકલ્પ છે દરેક માટે વસ્ત્ર. પોતાની આર્થિક પરિસ્થિતિના લીધે પૂરતા કપડા પણ ન પહેરી શકે તેવા ભાઇ-બહેનો કે બાળકોના અંગ ઉપર અંગરખું એટલે કે વસ્ત્ર પહોંચાડવા એ આ કાર્યક્રમનો સંકલ્પ છે.

આ કાર્યક્રમ જાન્યુઆરી – 2018 (1 વર્ષ)થી અમલિત છે. હાલ આ કાર્યક્રમ નું કાર્યક્ષેત્ર અમદાવાદ – ગાંધીનગર શહેર પુરતું છે જેને નજીકના ભવિષ્યમાં સમગ્ર ગુજરાત રાજ્યમાં વિસ્તારવાનું આયોજન છે.

સંસ્થાના કર્મચારીઓ દ્વારા તથા સંસ્થા સાથે જોડાયેલા સ્વયંસેવકો દ્વારા દાતાશ્રીઓ દ્વારા દાનમાં આપવામાં આવેલા કપડા મેળવી તેને શહેરના વિવિધ વિસ્તારોમાં જરૂરીયાતમંદ લોકો સુધી વિના મુલ્યે પહોચાડવામાં આવે છે. ડીસેમ્બર અંતિત અંદાજીત 250 જેટલા દાતાશ્રીઓ તરફથી 5000 જેટલા વસ્ત્રોનું દાન મેળવવામાં આવ્યું છે જેનું સંસ્થા સાથે જોડાયેલા સ્વયંસેવકો દ્વારા અમદાવાદના વિવિધ વિસ્તારોમાં વિતરણ કરવામાં આવ્યું છે.

## ૬. લીંક વર્કર સ્કીમ – વડોદરા તથા છોટા ઉદેપુર



નેશનલ એઇડ્સ કંટ્રોલ પ્રોગ્રામ ના ચોથા તબક્કા અંતર્ગત નેશનલ એઇડ્સ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન (NACO) દ્વારા ભારતના વિવિધ રાજ્યોમાં લીંક વર્કર સ્કીમ કાર્યક્રમ લાગુ કરવામાં આવેલ છે.

કાર્યક્રમનો મુખ્ય હેતુ ગ્રામ્ય કક્ષાએ એચ.આઈ.વી./એઇડ્સ અંગે જનજાગૃતિ લાવવાનો છે જેથી એચ.આઈ.વી.ના નવા ચેપ લાગતા અટકાવી શકાય, એચ.આઈ.વી.ના ચેપને કારણે થતા મૃત્યુ અટકાવી શકાય ઉપરાંત એચ.આઈ.વી.ને કારણેથતા ભેદભાવને નાબુદ કરી શકાય.

ગુજરાત રાજ્યમાં ગુજરાત સ્ટેટ એઇડ્સ કંટ્રોલ સોસાયટી (GSACS) ની સહાયતાથી ગુજરાતના 9 જિલ્લાઓમાં લીંક વર્કર સ્કીમ કાર્યક્રમ અમલિત કરવામાં આવ્યો છે. જે પૈકીના વડોદરા – છોટા ઉદેપુર ખાતેના લીંક વર્કર સ્કીમ કાર્યક્રમનું સંચાલન માર્ચ – 2018(10 માસ)થી સંસ્થા દ્વારા કરવામાં આવી રહ્યું છે.

વડોદરા તથા છોટા ઉદેપુર બંને જીલ્લાના પસંદ કરેલ કુલ 100 ગામોમાં કાર્યક્રમ અમલિત છે. ગામોની પસંદગી ગામની વસ્તી, જોખમી જાતીય વર્તન ધરાવતા લોકોની સંખ્યા, એચ.આઈ.વી.નો ચેપ લાગવાની શક્યતા ધરાવતા લોકોની સંખ્યા,TB ના દર્દીઓની સંખ્યા, સગર્ભા મહિલાઓની સંખ્યા , એચ.આઈ.વી.સાથે જીવતા લોકોની સંખ્યા વગેરેના આધારે કરવામાં આવી છે.

## ૭. ક્ષમતા વર્ધન

યુનિસેફ, સરકારી સંસ્થાઓ, એકમો અને વિભાગો તથા વિવિધ સ્વયંસેવી સંસ્થાઓ અને કોર્પોરેટ એકમો સાથે મળીને સામુદાયિક સ્તર પર બદલાવ લાવવા હેતુ વિવિધ તાલીમ કાર્યક્રમ એ સંસ્થાની નિયમિત ચાલતી પ્રવૃત્તિઓનો હિસ્સો છે. આ કાર્યક્રમ સંસ્થાને સામુદાયિક હકારાત્મક બદલાવને પ્રેરિત કરવાના વિઝન તરફ દોરવામાં મદદરૂપ બને છે. વર્ષ ૨૦૧૭-૧૮ દરમિયાન પણ આવા વિવિધ તાલીમ કાર્યક્રમોમાં સંસ્થા દ્વારા પોતાની પાસે રહેલ નિપૂણતા દ્વારા યોગદાન આપવામાં આવ્યું, જેમાં મુખ્યત્વે નીચે પ્રમાણે તાલીમો આપવામાં આવી:

- યુનિસેફ સહાયિત ગુજરાત રાજ્યના દરેક જીલ્લાના આઈ.સી.ડી.એસ. વિભાગના આઈ.ઈ.સી. નોડલ ઓફિસરની સામાજિક અને વ્યવહાર પરિવર્તન સંચાર (SBCC) સંબંધિત તાલીમો.
- યુનિસેફ સહાયિત વિવિધ પ્રોજેક્ટના સ્ટાફની તાલીમો - જિલ્લો નર્મદા, પંચમહાલ / ગોધરા, દાહોદ, સાબરકાંઠા વગેરે

## ૮. ટેકનોલોજી અને સોશિયલ મિડીયા દ્વારા સામાજિક બદલાવને પ્રેરણા


આજનો યુગ ટેકનોલોજી આધારિત છે અને માત્ર યુવા જ નહિં પરંતુ બાળકોથી

| | |
|---|---|
| **સંસ્થાની વેબસાઇટ – જ્ઞાનનો સ્ત્રોત** | સામાજિક બદલાવને પ્રેરિત કરવા માટે સંસ્થા દરેક તક અને અવસર ઝડપવા ઇચ્છે છે. આથી, સંસ્થા પોતાની વેબસાઇટ દ્વારા સંસ્થાની પ્રવૃત્તિઓથી સમુદાય તથા સ્ટેકહોલ્ડરોને અવગત કરાવવા ઉપરાંત શિક્ષણના માધ્યમ તરીકે પણ કરે છે. સંસ્થા દ્વારા તેમની વેબસાઇટના બ્લોગ વિકલ્પમાં સમયાંતરે વિવિધ તકનીકી અને પ્રજા જાગૃત્તિ જોગ માહિતી મુકવામાં આવે છે જેના થકી સામાજિક બદલાવને વેગ મળે છે. |

લઇને વૃદ્ધો સુધી સોશિયલ મીડિયા અને ટેકનોલોજીથી પ્રભાવિત થયા છે. આ બાબતનું મહત્વ સમજીને સંસ્થા ટેકનોલોજીનો ઉપયોગ સામાજિક બદલાવ

| | |
|---|---|
| **સોશિયલ મિડિયા** | સંસ્થાની સમર્પિત ટીમ દ્વારા સોશિયલ મિડિયાનો સતત ઉપયોગ કરી અને યુવાઓ સુધી સામાજિક પ્રેરણા અને બદલાવના સંદેશ પહોંચાડવામાં આવે છે. સંસ્થા પોતાના ઓફિસિયલ ફેસબુક, ટ્વિટર પેજ,તથા યુટ્યુબ જેવા માધ્યમોનો ઉપયોગ કરીને તેમાં સમાજ ઉપયોગી સંદેશા સતત આપતી રહે છે. |

લાવવા હેતુ કરી રહી છે અને આ કામગીરી વર્ષ ૨૦૧૭-૧૮ દરમિયાન વધારે વેગવાન બનાવવામાં આવી, તેની વિગતો નીચે મુજબ છેઃ


Blogs – MoDe India
modeindia.co.in/blogs/
मोड Har mode vikas ki aur...
28th Sep 2017 | 7:36:30 AM
Home
About Us
What We Do
Our Projects
Join Us
Gallery
Knowledge Centre
Our Partners
Donate
Contact Us
Blogs
ABOUT US
Introduction
Vision
Mission
Team MoDe
Advisory committee
'વિશ્વ મેલેરીયા દિવસ' નિમિતે – એક વિચાર...એક પહેલ
નમસ્કાર મિત્રો,
વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા ૨૦૦૮થી ૨૫ એપ્રિલ વિશ્વ મેલેરીયા દિવસ (World Malaria Day) તરીકે મનાવવામાં આવે છે. તા ૨૫ એપ્રિલ ૨૦૦૦ના રોજ ૪૪ આફ્રીકન દેશોના વડાઓએ મેલેરીયાની નાબુદી માટે અબુજા ઠરાવ પસાર કરી મેલેરીયા નિયંત્રણ કાર્યક્રમ ઘડી કાઢ્યો હતો. તેની યાદમાં દર વર્ષે ૨૫ એપ્રિલે આફ્રીકન મલેરીયા દિવસ તરીકે ૨૦૦૧ થી મનાવવાનું શરૂ કરાયું હતું. વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા વિશ્વ મેલેરિયા દિનની ઉજવણી પ્રતિવર્ષ ૨૫ એપ્રિલ ૨૦૦૫થી કરવામાં આવે છે.
Type here to search
07:36
28-09-2017


Contact Us – MoDe India
(2) MoDe India - Home
Secure | https://www.facebook.com/modeindia.co.in/
MoDe India
Jitendra
Home
Liked
Following
Save
Donate
Message
See all
Charity
Videos
No Touch
Safety at Work Place
"Happy Voter's Day"
Community
See all
Invite your friends to like this Page
878 people like this
877 people follow this
Jignesh Joshi and 40 other friends like this
About
See All
F-1210, Titanium City Center, Anandnagar-Prahladnagar Road, Nr. Sachin Petrol Pump, Satellite
380015 AHMEDABAD, Gujarat – India
079 6617 8085
Typically replies within a day
Send message
modeindia.co.in
Charity
People Also Like
અમુલ્ય ગુજરાતી વાતાંઓ.
Like
MoDe India
@modeindia.co.in
Home
About
Photos
Videos
Community
Posts
Create a Page
Harsh Teraiya likes a post.
Rajni Kant Turi likes Haresh Solanki's photo.
Ajay P Avasatthi likes
Divyesh Teraiya
Rajni Kant Turi
Ankur Dave
Bharat Odedara Maher
Logesh A. Raja
Rajnikant Teraiya
Mukesh Parmar
Bharat Teraiya
Vipul Amdavadiya
Babulal Teraiya
Search
Type here to search
07:39
28-09-2017


mode india
પરિકલ્પના
MoDe INDIA
Movement for Development
+91 94262 04247 / +91 79 29 299115 www.modeindia.co.in
0:13 / 7:46
Gujarati Video Song on Child Health and Swachh Bharat Abhiyan. MoDe India & Vimarsh
3,909 views
MoDe India
Published on 18 Feb 2015
SUBSCRIBED 19
Mera Bharat Animation Song
#SwachhBharat | Short Film | By Award winning Filmmakers |
Swachh Bharat skit by The Smart School
Swachh Bharat Abhiyan- short film,cleanliness